## (1) 'નિષ્ક્રીય રસી' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેમાં સક્રિય વાયરસને મોટી સંખ્યામાં ઉછેરવામાં આવે છે અને ત્યારબાદ તેમને કેમિકલ અથવા ગરમી વડે મારી નાખવામાં આવે છે.
(2) નિષ્ક્રીય રસીઓ તેમની સુરક્ષા અને સરળ ઉત્પાદન માટે પ્રખ્યાત છે.
(3) ભારતમાં 'સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજી' (CCMB) નામની સંસ્થા COVID-19 માટે નિષ્ક્રીય રસી બનાવવાનું કાર્ય કરી રહી છે.
(4) નિષ્ક્રય રસી વૃદ્ધો અથવા જેમને અન્ય રોગ છે તેમના માટે ઘાતક નિવડી શકે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) આપેલ તમામ (D) માત્ર (2) અને (3)

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ ભારતમાં CCMB નામની સંસ્થા કોરોના વાયરસ માટે એક નિષ્ક્રીય વાયરસ રસી વિકસિત કરવાની દિશામાં કાર્ય કરી રહી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ નિષ્ક્રીય રસીઓ તેમની સુરક્ષા અને સરળ ઉત્પાદન માટે પ્રખ્યાત છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વાયરસની ભયંકર અસર તથા તેની પ્રગતિને અટકાવવા માટે રસીકરણને અસરકારક અને નિશ્ચિત માર્ગ ગણવામાં આવે છે.

⇛ નિષ્ક્રીય રસી અંતર્ગત સક્રિય વાયરસને મોટી સંખ્યામાં ઉછેરવામાં આવે છે અને ત્યારબાદ તેમને કેમિકલ અથવા ગરમી વડે મારી નાખવામાં આવે છે. અથવા તેની ઉત્પાદન શક્તિને ખતમ કરી દેવામાં આવે છે. આમ છતાં વાયરસના જુદા–જુદા ભાગો અકબંધ રહે છે. દા.ત. સ્પાઈક પ્રોટીન કે જેના વડે તે કોષમાં પ્રવેશ કરે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વાયરસ મૃત:પ્રાય બનતા તે પોતાનું પુન:ઉત્પાદન નથી કરી શકતો તથા કોઈ પ્રકારનો નાનકડો રોગ પણ ઉત્પન્ન નથી કરી શકતો. આમ, ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો જેવા કે વૃદ્ધ અને એકસાથે બે રોગ ધરાવતા લોકોની સાથે પણ આ વાયરસ (નિષ્ક્રીય રસીમાં રહેલ)ને અમલમાં મુકવો સુરક્ષિત છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) 'ચિત્રા જીન LAMP-N' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે COVID-19 માટેની એક ટેસ્ટીંગ કીટ છે.
(2) તેના દ્વારા ટેસ્ટીંગ માટે લેવાતો સમય માત્ર 2 કલાક છે.
(3) એક મશીનની એક બેચમાં કુલ 100 સેમ્પલ ટેસ્ટ થઈ શકે છે.
(4) આ કીટનો વિકાસ 'શ્રી ચિત્રા તિરૂનલ ઈન્સ્ટીટયુટ ફોર મેડિકલ સાયન્સીસ એન્ડ ટેક્નોલોજી' દ્વારા કરવામાં આવ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ (DST) હેઠળ કામ કરતી સંસ્થા 'શ્રી ચિત્રા તિરૂનલ ઈન્સ્ટીટયુટ ફોર મેડિકલ સાયન્સીસ એન્ડ ટેક્નોલોજી', ત્રિવેન્દ્રમે એવી ટેસ્ટીંગ કીટ વિકસાવી છે કે જે કોરોના વાયરસ હોવાનું ટેસ્ટીંગ ખૂબ ઓછા ખર્ચે તથા માત્ર બે કલાકમાં કરી આપે છે. (આથી, વિધાન (1), (2) અને (4) સાચાં છે.)

⇛ આ કીટને ચિત્રા જીન LAMP-N (Chitra Gene LAMP-N) નામ આપવામાં આવ્યું છે.

⇛ આ કીટ દ્વારા RT-LAMP પદ્ધતિનો ઉપયોગ થાય છે. RT-LAMPનું પૂરું નામ Reverse Transcriptase Loop-Mediated Amplitication of Viral Nucleic Acid છે.

⇛ આ ટેસ્ટીંટ કીટ 100% ચોકસાઈ ધરાવે છે અને RT-PCRનો ઉપયોગ કરીને કરવામાં આવેલ ટેસ્ટના પરિણામ સાથે મેચ થાય છે.

⇛ એક જ મીશનની સિંગલ બેચમાં કુલ 30 સેમ્પલનું ટેસ્ટીંગ થઈ શકે છે. જેથી દરરોજ મોટી સંખ્યામાં ટેસ્ટીંગ કરી શકાશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ કીટનો લેબોરેટરી ખર્ચ એક ટેસ્ટ દીઠ રૂ. 1000થી ઓછો આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ‘કિસાન રથ મોબાઈલ એપ્લિકેશન’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ એપ નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) દ્વારા વિકસાવવામાં આવી છે.

(2) આ એપ કૃષિ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવી છે.

(3) આ એપ ખેડૂતો અને વેપારીઓને કૃષિ અને બાગાયતી ઉત્પાદનોના પરિવહન માટે જરૂરી વાહન શોધવામાં મદદરૂપ થશે.

(4) આ એપની ટેગલાઈન “કિસાન કા અપના વાહન” છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ કૃષિ મંત્રાલયના મંત્રીશ્રી નરેન્દ્ર સિંહ તોમર દ્વારા ‘કિસાન કા અપના વાહન’ ટેગલાઈન ધરાવતી એપ ‘કિસાન રથ’ વિડિયો કોન્ફરન્સ દ્વારા લોન્ચ કરવામાં આવેલી છે. (આથી, વિધાન **(2)** અને **(4)** સાચાં છે.)

⇛ ખેડૂતોને અનુકૂળ આવે એવી આ એપ્લિકેશન નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) દ્વારા વિકસાવવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એપ ખેડૂતો અને વેપારીઓને કૃષિ અને બાગાયતી ઉત્પાદનોની હેરફેર કરવા માટે પ્રાથમિક તથા દ્વિતીયક પરિવહન માટે જરૂરી વાહન શોધવામાં મદદરૂપ થશે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ પ્રાથમિક પરિવહનમાં ખેતરથી મંડી, એફ.પી.ઓ. કલેક્શન સેન્ટર અને વેરહાઉસ વગેરે સુધીની હેરફેર સામેલ હશે. દ્વિતીયક પરિવહનમાં રાજ્યોમાં મંડીઓ વચ્ચે અને એક રાજ્યથી બીજા રાજ્યમાં મંડીઓ વચ્ચે, પ્રોસેસિંગ યુનિટ સુધી, રેલવે સ્ટેશન સુધી, હોલસેલર્સ વગેરે સુધીની અવર–જવર સામેલ હશે.

⇛ આ એપ ખાદ્યાન્ન (અનાજ, કઠોળ, દાળ વગેરે), ફળ, શાકભાજી, તેલીબિયા, મરીમસાલા રેષાયુક્ત પાક, ફૂલ, વાંસ, વન ઉત્પાદન, નાળિયેર વગેરે જેવી ચીજવસ્તુઓના પરિવહન માટે ઉપયોગી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) TMA યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ યોજનાનો હેતુ ખેતપેદાશોની નિકાસ વધારવાનો છે.
(2) આ યોજના કોમર્સ અને ઉદ્યોગ મંત્રાલયની છે.
(3) આ અંતર્ગત ખેતપેદાશોના માર્કેટીંગ અને પરિવહન માટેની કેટલીક સહાય સરકાર દ્વારા આપવામાં આવશે.
(4) આ યોજના હેઠળ સમાવિષ્ટ મુખ્ય પેદાશોમાં ઘઉં, શેરડી, તમાકું તથા ડેરી ઉત્પાદનનો સમાવેશ થાય છે.

(A) માત્ર (2), (3) અને (4)　　(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (1), (2) અને (3)　　(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ કોમર્સ અને ઉદ્યોગ મંત્રાલયે તેની TMA (Transport and Marketing Assistance) યોજના હેઠળની કેટલીક પદ્ધતિઓને સરળ બનાવી છે જેથી ખેડૂત તથા વેપારીઓને લોકડાઉન દરમિયાન લાભ થઈ શકે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ખેતપેદાશની નિકાસ વધારવાના હેતુથી વર્ષ 2019માં આ યોજના લોન્ચ કરવામાં આવી હતી. આ અંતર્ગત ખેતપેદાનશોના માર્કેટીંગ અને પરિવહન માટેની કેટલીક નાણાકીય સહાય સરકાર દ્વારા આપવામાં આવશે. (આથી, વિધાન (1) અને (3) સાચાં છે.)

⇛ સામાન્ય રીતે, ખેતપેદાશના પરિવહનમાં લાગતાં શીપમેન્ટ ચાર્જ વધુ હોય છે. આથી, આ ચાર્જની અસરને સંતુલિત કરવા માટે આ યોજનાની શરૂઆત કરવામાં આવી છે.

⇛ આ યોજના દ્વારા અમેરિકા, યુરોપ વગેરેમાં ભારતીય પેદાશો માટેની બ્રાન્ડને પ્રોત્સાહન પણ મળશે.

⇛ આ યોજનામાં મોટાભાગની ખેતપેદાશોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ તેમાંથી નીચેની પેદાશોને બાકાત રાખવામાં આવી છે.

- મીટ/માંસ પેદાશો
- ડેરી ઉત્પાદનો
- તમાકું
- ઘઉં
- શેરડી

(આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) 17 એપ્રિલની RBIની જાહેરાતના આધારે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) નાબાર્ડ, SIDBI અને NHBને સ્પેશ્યલ રિફાયનાન્સની સુવિધા અપાશે.
(2) રિવર્સ રેપો રેટ 4.0% કરવામાં આવ્યો.
(3) રેપો રેટ ઘટાડીને 4.4% કરવામાં આવ્યો.
(4) વર્ષ 2021-22માં 7.4%નો વૃદ્ધિ દર હાંસલ કરવાનો અંદાજ કરવામાં આવ્યો.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 17 એપ્રિલના રોજ RBIના ગવર્નર દ્વારા લોકડાઉન દરમિયાન ધીમા પડેલા અર્થતંત્રને ગતિમાં લાવવા કેટલીક જાહેરાતો કરવામાં આવી. જે નીચે મુજબની છે :

- વર્ષ **2021-22**માં બદલાવ લાવી **7.4%**નો વૃદ્ધિ દર હાંસલ કરવાનો અંદાજ છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)
- રિવર્સ રેપોરેટ **4.0%** માંથી ઘટાડીને **3.75%** કરવામાં આવ્યો. (આથી, વિધાન **(2)** ખોટું છે.)
- રેપોરેટ **5.15%**માંથી ઘટાડીને **4.4%** કરવામાં આવ્યો. (આથી, વિધાન **(3)** સાચું છે.)
- **LCR (Liquidity Coverage Ratio) 100%** માંથી ઘટાડીને **80%** કરવામાં આવ્યો.
- ઓલ ઈન્ડિયા ફાયનાન્સિયલ ઈન્સ્ટીટ્યુશન્સને રિફાયનાન્સીંગની સગવડ કરી આપવામાં આવશે. આ માટે, નાબાર્ડ **(NABARD)**ને રૂ. **25** હજાર કરોડ, **SIDBI**ને રૂ. **15** હજાર કરોડ અને **NHB**ને રૂ. **10** હજાર કરોડની જોગવાઈ કરવામાં આવી છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)
- દબાણ ધરાવતા ખાતાઓ કે જે નોન પર્ફોમીંગ એસેટ બનવાની સંભાવના ધરાવે છે તેમના માટે રિઝોલ્યુશન પ્લાનને અમલમાં મૂકવાનો ગાળો **90** દિવસ માટે લંબાવવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT